| PUBLICATION NAME : | Prabhat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 27/02/2025 |
| PAGE : | 02 |

# ઈડીઆઈઆઈ દ્વારા ઉદ્યોગસાહસિકતા પર ૧૬મી દ્વિવાર્ષિક સંમેલનનું આયોજન

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદની ૧૬મી દ્વિવાર્ષિક સંમેલન (૩-દિવસીય) ૨૬ ફેબ્રુઆરીએ સંસ્થાના પરિસરમાં શરૂ થઈ. 'ઉદ્યોગસાહસિકતા' પર આધારિત ત્રણ દિવસીય સંમેલન ૨૮ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. આ સંમેલન સંશોધકો, શિક્ષણવિદો અને અભ્યાસકર્તા માટે એક મંચ છે જેથી ઉદ્યોગસાહસિકતા વિકાસના વિવિધ ક્ષેત્રોમાં તેમના સંશોધન અભ્યાસો અને તારણો શેયર કરી શકે છે. ઈડીઆઈઆઈ ૧૯૯૪થી ઉદ્યોગસાહસિકતા પર દ્વિવાર્ષિક સંમેલનનું આયોજન કરી રહ્યું છે. સંમેલન દરમિયાન, ૯ થી વધુ દેશોના વિદ્વાનો દ્વારા ઉદ્યોગસાહસિકતા સિદ્ધાંત અને વ્યવહાર; ઉદ્યોગસાહસિકતા શિક્ષણ; ઉદ્યોગસાહસિકતા ઈકોસિસ્ટમ; ગ્રામીણ ઉદ્યોગસાહસિકતા અને નવજાત ઉદ્યોગસાહસિકતા અને નવા સાહસ સર્જન અને કૌટુંબિક વ્યવસાય જેવા વિષયો પર ૧૪૮ સંશોધન પત્રો અને અભ્યાસો રજૂ કરવામાં આવ્યા.

સંમેલનનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ, પ્રોફેસર (ડૉ.) ટી.વી. રાવ, ફાઉન્ડર અને ચેયરમેન, ટી. વી. રાવ લર્નિંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ અને ભારતીય પ્રબંધન સંસ્થાન, અમદાવાદના ભૂતપૂર્વ પ્રોફેસર દ્વારા કરવામાં આવ્યું. તેમણે જણાવ્યું હતું કે, "આજના ગતિશીલ અર્થતંત્રમાં, આર્થિક વૃદ્ધિ અને વ્યાવસાયિક પ્રગતિને આગળ વધારવા માટે ઉદ્યોગસાહસિકતાનો વિકાસ નિર્ણાયક છે. હું માનું છું કે ઉદ્યોગસાહસિકતા એક મિશન છે, એક શક્તિશાળી બળ છે જ્યાં વ્યક્તિઓ વાસ્તવિક દુનિયાની સમસ્યાઓ ઉકેલવા માટે ટેકનોલોજી અને નવીનતાનો લાભ ઉઠાવીને બધા માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરે છે. આ ક્ષેત્રના મહત્વને જોતાં, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે નિયમિત સંશોધન અને નીતિ હિમાયત હાથ ધરવી મહત્વપૂર્ણ છે. આ એક અનન્ય મંચ છે અને મને ખાતરી છે કે પરિષદના તારણો ઉદ્યોગસાહસિકતા પર નોંધપાત્ર પ્રભાવ પાડશે."